વર્ષ ૨ અંક ૯ માગસર વદ ૧૧, ૨૦૬૫

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીસફલા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૯



શ્રી વલ્લભ પ્રગટે ભાગ્ય હમારે;
ભયે મનોરથ મનકે ચિતે, શ્રી રુકમણીલાલ નિહારે. ૧
કહી ન જાત અંગોઅંગકી શોભા, ઉમડી રસકી ધારે;
શ્રીગોકુલપતિજુકી યા છબિ ઉપર, વૃજદાસ અપનપો વારે. ૨

।। શ્રીગોકુલેશો જયતિ ।।

તાત્ તણો પ્રતિબિંબ રે રસના

શ્રીરસિક રસ ચરિત્ર

નિવેદન

શ્રીગોકુલકો નાથ, શ્રીવ્રજમેં કરત વિહાર;
નિજ–જન કો વરન કારન, લિયો ભૂતલ પ્રાકટ્ય ઉપહાર. ૧
શ્રીગોકુલેશ હી એક નામ, જો સુખ દે સાદા અપાર;
ઐસે સુખ સાગર શ્રીરાયજું, રાખે સાદા શ્રીચરણ નિરાધાર. ૨
પુરાણ કિયો પ્રકાશ, યહ સ્વરૂપ કરે શ્રીવ્રજ વાસ;
દાસગોપાલ કે શ્રીરાયપ્રભુ, રાખો શ્રીચરણ પાસ નિર્ધાર. ૩

શ્રીગુસાંઇજીનો ઉત્સવ આપણે સર્વેએ ખૂબજ ઉત્સાહ પૂર્વક ઉજવ્યો. શ્રીગુસાંઇજી શ્રીગોકુલેશજીને **શ્રીવલ્લભ** કહીને સંબોધતા. શ્રીમહાપ્રભુજીએ માર્ગ બતાવ્યો, તે માર્ગને શ્રીગુસાંઇજીએ સવાર્યો અને શ્રીવલ્લભ-શ્રીગોકુલેશજીએ માર્ગને પોષણ પ્રદાન કર્યું. શ્રીગુસાંઇજીના ચતુર્થકુમાર અને એતનમાર્ગના રક્ષક શ્રીગોકુલનાથજીને, શ્રીગુસાંઇજીએ સ્વયં આસુરવ્યામોહલીલા માટે જ્યારે શ્રીગિરિરાજજીની કંદરામાં પધારતી વખતે પોતાનો ઉપરણો અને શ્રીકંઠની તુલસીની માલાજી શ્રીગોકુલનાથજીને આપ્યાં હતા, કે જે ઉપરણો અને માળા શ્રીઠાકોરજીએ શ્રીમહાપ્રભુજીના પ્રાગટ્ય પહેલાં શ્રીલક્ષ્મણભટ્ટજીને સ્વપ્નમાં આપ્યાં હતાં.

એક વાર એક વૈષ્ણવએ શ્રીગોકુલેશજીને વિનંતી કરી કે રાજ, દયાસાગર, એક શંકા હે. વૈષ્ણવ સર્વે સેવા કરે છે, વળી તે બ્રહ્મસંબંધ લઇને સેવા કરે છે છતાં પ્રભુની પ્રાપ્તિ કેમ નથી થતી? બ્રહ્મસંબંધ લઇને સેવા કરે, તો પણ પ્રભુ ના મળે એ શું?

આ સાંભળીને આપશ્રી (શ્રીચતુર શિરોમણી શ્રીસર્વદા સેવ્ય શ્રીગોકુલેશજી) શ્રીમુખે આજ્ઞા કરે છે કે, બ્રહ્મસંબંધ કરે છે પણ દેખા–દેખી કરે છે અને સેવાનું પણ એમ જ હોય છે. સ્નેહ વગરની ક્રિયા ફળ નથી આપતી.

એક વ્યાપારી હતો. તે શરીરે બહુ જાડો હતો. પણ પરમ ભક્ત હોઇ તે શ્રીઠાકોરજીની ટહેલ જાતે કરતો. પણ શરીરે બહુ જાડો હોવાથી સેવામાં તેની ધોતીની કાછડી છૂટી જતિ. નીચે બેસે તેની સાથે તરતજ હંમેશા નીકળી જાય. વૃદ્ધ થતાં પેલો વેપારીએ પોતાનો દેહ ત્યાગ કર્યો. ત્યાર પછી તેનો દીકરો પ્રભુની સેવા કરવા લાગ્યો. પણ હંમેશા સેવામાં જાય, એટલે કાછડી છોડી દે. દરરોજ જાણી જોઇને જ ખોસેલી કાછડી કાઢે. એમ સેવા કરતાં કરતાં કોઇ સારા વૈષ્ણવ તેને ઘેર આવ્યા. જેમ કોઇ ભાવુક વૈષ્ણવ નિયમિત નિત્ય નિયમ કરે, તેમ આ વૈષ્ણવ રોજ કાછડી કાઢીને સેવામાં જા, તે જોઇને આવનાર વૈષ્ણવને નવાઇ લાગી. આથી તેમણે એને પુછ્યું કે વૈષ્ણવ તમે સેવામાં જતાં હંમેશા કાછડી કાઢી કેમ નાખો છો ? આ સાંભળી પેલા વૈષ્ણવે કહ્યું કે અમારા ઘરની એવી રીત છે. મારા પિતાજીની પણ સેવામાં કાછડી નહોતી રહેતી. આ સાંભળી પેલા આવનાર વૈષ્ણવ તો ચકિત થઇ ગયા. પણ તે બહુ ચતુર હતા. તેથી મનમાં વિચાર્યું કે નક્કી આ વૈષ્ણવના પિતાનું શરીર જાડું હશે, તેથી કાછડી નહીં રહેતી હોય. આથી પુછ્યું કે તમારા પિતાનું શરીર જાડું હતુ કે પાતળૂં ? પેલા વૈષ્ણવે જવાબ આપ્યો કે **બહુ જ જાડું**.

આ સાંભળીને આવેલા વૈષ્ણવે કહ્યું કે તમારા પિતાની કાછડી હુષ્ટ-પુષ્ટ શરીરને લીધે નહીં રહેતી હોય. માટે સેવામાં તમે કાછડી કાઢશો નહિં. આ વૈષ્ણવ જેમ કારણ જાણ્યા વગર દેખાદેખી કાછડી કાઢતો, તેમ બ્રહ્મસંબંધ તેમજ સેવા વગરની બાબતમાં સમજવું. પ્રીત વગર પ્રભુની પ્રાપ્તિ નથી. એવી શ્રીમુખે આપશ્રીએ આજ્ઞા કરી.

પણ આપશ્રીના સ્વરૂપ વિશે જે ભગવદીયોએ પદ સાહિત્ય, કે ધોલ સાહિત્ય કે પછી સ્તોત્રરૂપે જે ગ્રંથો પ્રગટ કર્યા છે, તે તો શ્રીગોકુલેશના સ્વરૂપથી અજાણ ન હતાં. તેથી જે સાહિત્યને આજે પણ આપણે એટલાજ ઉત્સાહથી વાંચીએ છીએ, માણીએ છીએ. આજે આપણે એવાજ એક અનુભવી શ્રીગોકુલેશ પ્રભુના અનન્યાસક્ત સેવક એક ભક્તિ કવિ **ઉદ્ધવ ભટ્ટ** વિષે જાણવાનો પ્રયત્ન કરીએ.

ઉદ્ધવ ભટ્ટ :-

આ ભક્તિ કવિ ઉપર પરમ કૃપાપાત્ર ભક્તોની કૃપાથી **શ્રીપાદુકાષ્ટકમ્** નામનું સુંદર સ્તોત્ર રચ્યું છે. જે કંઠે કરવાં જેવું છે (આ સ્તોત્ર આપણા આયો મહાઓચ્છવ પુસ્તકમાં પ્રકાશિત કરેલ છે). આ ઉદ્ધવ ભટ્ટ શ્રીગોકુલેશજીની પાસે રહેતા અને શ્રીગોકુલેશજી સાથે હાસ્યવિનોદ કરતા. તેમના વિષે સ્વરૂપાનુભવોત્સવ ગ્રંથનાં માંગલ્ય ૮૧માં નીચે મુજબ લખાણ છે :

વળી કહીએ તે ભાગ્યવાન જેહ, ભાઈ ઉદ્ધવો બ્રાહ્મણ તેહ;
પ્રભુ પોઢ્યા પછી ભગવદી વલે, ત્યારે એકાંતે થઈ રહે એહ.
તે નિકટ સજ્યા શું લાગી બેસે, ત્યારે વહાલોજી કરે એ શું હાસ;
એહોનો કર, શ્રીહસ્તે ગ્રહી લેઈ કરે કૌતુક વચન વિલાસ. ૧૮

પાદુકાની સેવા વિષે તનુનવત્વ કેવી રીતે થાય છે તે આ સ્તોત્રમાં સુંદર સમજ આપી છે.

स्वसेवनैकचेतसाम् अनन्यभक्तिदायिके, कृपासुधैकसिक्त-भक्त-काम-मोह-नाशिके।
महान्धकारलीन-जीव हृत्प्रकाश-चन्द्रिके, नमो नमोऽस्तु वां सदैव गोकुलेश-पादुके. ३

પોતાના સેવન માત્રથી અનન્ય ભક્તિનું દાન કરનાર, કૃપામૃત વડે ભક્તને સિંચન કરી તેના કામ (લૌકિક) અને મોહનો નાશ કરનાર, (માયાના-સંસારના) મહા અંધકારમાં ગરકાવ થયેલા જીવના હૃદયમાં (ભગવત્પ્રેમરૂપ) પ્રકાશ આપનાર ચંદ્રિકારૂપ શ્રીગોકુલેશનાં પાદુકાજી, આપને વારંવાર નમસ્કાર હજો. ૩

એક ચિત્તથી જો શ્રીપ્રભુ-પાદુકા સેવાય તો અનન્ય ભક્તિ આપી પોતાના કૃપામૃતની વૃષ્ટિ કરી, લૌકિક કામ અને મોહ મટાડે તથા મહા-અંધકારમાં ડુબેલા જીવને હૃદયમાં ચન્દ્ર જેવો શાંત અને આલ્હાદ આપનારો કરે એવાં શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણ પાદુકાજી છે, જેમને વારંવાર નમન કરવા જીવ હંમેશા આતુર હોય છે.

(શ્રીગોકુલેશ ધોલ પદ માધુરીમાંથી સાભાર)

ભાવત્કઃ-
દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા
રાજેન્દ્રભાઈ કડકીયા (યુ.એસ.એ.)

II શ્રીગોકુલેશો જયતિ II

શ્રીરસિક રસ ચરિત્ર

વર્ષગાંઠનો ઉત્સવ

કુંકુમપત્રિકાઓ :-

દરેક માસની સુદિ ૭ના રોજ શ્રીગુસાંઈજી શ્રીગોકુલેશજીનો જન્મોત્સવ કરતા હતા. એમ કરતાં કરતાં એક વર્ષ પૂરું થયું એટલે વર્ષગાંઠનો ઉત્સવ આવ્યો.

ભગવદીયો ગાય છે :

શ્રીમદ્ વલ્લભ વદન પ્રસન્નજી। સહુનુ ભૂષણ પ્રાણ જીવનજી।। ૧ ।।
નિત્ય નિત્ય નૌતન રસના રંગજી। અંગ અંગ વારું કોટિ અનંગજી।। ૨ ।।
મુસકની મૃદુલ મનોહર હાસ્યજી । વંક વિલોકની નયન વિલાસજી ।। ૩ ।।
અલૌકિક સુવા કોટિ હોય વૃષ્ટિજી । તેણે સિંચન થાયે સૃષ્ટિજી ।। ૪ ।।
રસ અંગિકૃતને ઉદ્ધારજી । તેહોનો પામે નહીં કોઈ પારજી ।। ૫ ।।
જાણેતે કરેજે એ દાનજી। કો જાણે કરે રસ પાનજી ।। ૬ ।।
લીલા દિન દિન અધિક પ્રકારજી । બાધે પ્રતિક્ષણું અતિ વિસ્તારજી ।। ૭ ।।
આગમ વરષ ગાંઠનો આવ્યોજી । તે સહુને મન અતિશે ભાવ્યોજી ।। ૮ ।।
શ્રીગુસાંઇજીને મન મોદજી । શ્રીરુક્મિણીજી ભર્યા પ્રમોદજી ।। ૯ ।।
બાલક બહુ બેટીનો સંગજી । તેહોના મનમાંહાં પ્રગટ્યો રંગજી ।। ૧૦ ।।
દૈવી શ્રૃષ્ટિને અલૌકિક ભક્તજી । જે જ્યાંહાં તે ત્યાંહાં થયાં અનુરકજી ।। ૧૧ ।।
આનંદિત સુર નર મુનિને નારજી । વિષદ્ કરે ન થાય વિસ્તારજી ।। ૧૨ ।।
સહેજ મોદ સહુના મન માંહાજી । આગમ અલૌકિક ને ઊછાહાજી ।। ૧૩ ।।
આગમ ઊચ્છવ કેરો જાણીજી । શ્રીગુસાંઇજી બોલ્યા વાણીજી ।। ૧૪ ।।
ચાંપોભાઇ ચાચા હરિવંશજી । તેડ્યા આનંદના અવતંશજી ।। ૧૫ ।।

શ્રીગુસાંઇજીનું વદન પ્રસન્ન થઇને આજ્ઞા આપે છે કે વર્ષગાંઠનો ઉત્સવ કાજે સગળી સામગ્રી સિદ્ધ કરો. શ્રીગુસાંઇજીએ પોતાના ગૃહકાર્યના અદિકારી ચાંપાભાઇ તથા ચાચા હરિવંશજીને બોલાવી કહ્યું કે ઉત્તમોત્તમ ઉત્સવ છે માટે એને લાયક બની શકે એટલી સર્વ પ્રકારની અતિ ઉત્તમ સામગ્રી ત્વરાથી સિદ્ધ કરાવો. શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે કે આ ઉત્સવ અલૌકિક ઉત્સવ છે. તેનું કારણ કહી શકાય એમ નથી. છતાં આ ઉત્સવ ભક્તના ભાગ્યે આવ્યો છે. એ ઉત્સવ સમાન કોઇ ઉત્સવ નથી, એવું સમજીને ઉત્સવનું કાર્ય કરજો. શ્રીગુસાંઇજીના શ્રીમુખના વચન સાંભળી જેમ દૂધમાં મિશ્રી મળે તેમ ચાચા હરિવંશજી અને ચાંપાભાઇ ભંડારીને ઘણું મિઠું લાગ્યું. બન્ને જણ આનંદપૂર્વક દંડવત્ પ્રણામ કરી ઉત્સવની તૈયારી કરવા માંડ્યા. પ્રથમ શ્રીગુસાંઇજીની આજ્ઞા પ્રમાણે ગામેગામ વૈષ્ણવો ઉપર નીચે પ્રમાણે કુંકુમપત્રિકાઓ લખી :

માગસર સુદ સાતમ શુભ નામજી,
સહુકો આવો માહારે ધામજી. ૪૩
સુંદર નવ વલ્લભ છે બાલજી,
તેનો ઉચ્છવ પરમ રસાલજી. ૪૪
તે ઉપર તમો આવો વેગજી,
બાલક વૃદ્ધ કુટુંબ થઇ ભેગજી. ૪૫

(પ્રાગટ્ય સિદ્ધાંત માંગલ્ય ૧૧)

ભક્તોનું શ્રીગુસાંઇજીને ત્યાં જવું :-

કુંકુમપત્રિકા મળતાંની સાથે દરેક ભક્તજને એને દંડવત્પ્રણામ કરી હાથમાં લીધી, પછી નેત્ર લગાવી વાંચી અને વાંચતાની સાથે દરેકને અત્યાનંદ પ્રાપ્ત થયો. શ્રીમુખ જોવાને માટે દરેકના મનમાં આર્તિ વધી, તેથી સર્વ ભક્તજન જ્યાં હતાં ત્યાંથી શ્રીગુસાંઇજીને ત્યાં જવા માટે બની એટલે ત્વરાથી સમયાનુસાર તૈયારી કરી ચાલી નીકળ્યાં. માર્ગમાં પ્રભુનાં સેવા તથા દર્શનાદિકના સુખ વિશે માંહેમાંહે વાર્તાલાપ કરતાં કેટલાક રસિક ભક્તજનો દેહાનુસંધાન રહિત થઇ ભગવન્નમય થતાં.

આ પ્રમાણે માર્ગમાં અનેક પ્રકારનો સ્વપ્રભુવિષયક આનંદ ભોગવતાં ઉત્સવસમયે શ્રીગુસાંઇજીને ઘેર અડેલમાં ભક્તજનોનાં સમાજ દેશદેશાંતરથી આવવા લાગ્યાં; એ વખતે ત્યાં વાગતાં અવનવાં વાજિંત્રોના મધુર નાદથી એમના હૃદયપ્રદેશમાં ઉત્પન્ન થયેલા આનંદે અંદર રહી નહિં શકવાથી

જય જય શ્રીગોકુલેશના હર્ષમય ધ્વનિ દ્વારા બહાર નિકળી એ સ્થળને ગજવી મૂક્યું અને શ્રીગુસાંઈજીના ભવને આવ્યા.

શ્રીગોકુલેશજીનું ખેલવણાંથી રિઝાવું :

શ્રીગુસાંઈજી પોતાની શ્રીબેઠકમાં બિરાજ્યાં છે. એ સમયે શ્રીગોકુલેશજી ત્યાં પધારી શ્રીગુસાંઈજીની ગોદમાં બિરાજ્યાં છે. શ્રીગુસાંઈજી શ્રીગોકુલેશજીની બાલક્રીડા જોઈ એઓ આનંદમાં મગ્ન હતાં, ભક્તજનોએ આવી શ્રીગુસાંઈજી તથા શ્રીગોકુલેશજીના દર્શન કરી દંડવત્પ્રણામ કર્યા અને એ દ્વારા પોતાના ઘણાં સમયના વિરહદુ:ખમાંથી મુક્ત થયાં. શ્રીગુસાંઈજીએ એ સર્વને આશિષ-વચન કહ માર્ગમાં પડેલાં સુખદુ:ખના સમાચાર પૂછ્યા. એના પ્રત્યુત્તરમાં સર્વેએ કુશળ-સમાચાર કહી જણાવ્યું કે આપની કૃપાથી અમારા મનોરથ આજે સિદ્ધ થયા. આ પ્રમાણે શ્રીગુસાંઈજીએ આવેલા વૈષ્ણવોનું સમાધાન કર્યું એટલે એઓએ ભેટ અર્થે લાવેલી સર્વ સામગ્રી શ્રીગોકુલેશજી આગળ ધરી. પ્રથમ શ્રીગોકુલેશજી માટે કાષ્ઠ, માટી, ધાતું, વગેરેનાં રંગબેરંગી અનેક પ્રકારનાં સુંદર અને મનોહર રમકડાં, જેવાં કે ઘોડા, હાથી, ગાય, મોર, ચકલી, ભમરડા, પૂતળી, વાઘ, પાલખી, વૃક્ષ, રથ, બળદ, વગેરે લઈ શ્રીગુસાંઈજી આગળ ધરતા અને એઓ એ લઈ શ્રીગોકુલેશજીને આપતા. શ્રીગોકુલેશજીએ સર્વનો અંગીકાર કરી રાજી થતા. આ વખતે રમકડાં લેવાના ઉત્સાહમાં શ્રીગોકુલેશજી શ્રીગુસાંઈજીની ગોદમાંથી દોડી દોડીને ભક્તજન પાસે જતા અને રમકડાં પકડી રાજી થતાં. આ પ્રમાણે ભક્તજનોનો ચૌદ ભુવનનો નાથ રમકડાંથી રીઝવા લાગ્યો. શ્રીગોકુલેશજી એક રમકડું લઈ શ્રીમુખમાં મુકેને એક લઈ નહિં ગમવાથી નાખી દે, ભક્તજન એક બીજું આપી સ્વપ્રભુને પ્રસન્ન કરે. આવી રીતે લોકવત્ બાલક્રીડા કરી સ્વજનોનાં મનોરથ સિદ્ધ કર્યાં.

..ક્રમશ:

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલેશ વાક્સુધા

।। શ્રીસર્વોત્તમસ્તોત્રમ્ ।।

।। શ્રીગોકુલનાથજીની ટીકા સહિત ।।

...ગતાંકથી આગળ

ગયાં વખતે આપણે શ્રીઋષિકુમાર શ્રીગુસાંઈજી પ્રભુચરણ પ્રગટિત શ્રીમહાપ્રભુજીનું પ્રથમ નામ-સ્વરૂપ **आनन्दः**[૧] વિષે સમજવાનો પ્રયાસ કર્યો. આજે આપણે હવે આગળ વધીશું. અને બીજા **परमानन्दः**[૨] નામને સમજવાનો પ્રયાસ કરીશું.

आनन्दः[१] परमानन्दः[२] श्रीकृष्णास्यं[३] कृपानिधिः[४] ।।
दैवोद्धारप्रयत्नात्मा[५] स्मृतिमात्रार्तिनाशनः[६] ।। ७ ।।

ભાવાર્થ :- આનંદ, **પરમાનન્દ**, શ્રીકૃષ્ણાસ્ય (શ્રીકૃષ્ણનું મુખ), કૃપાનિધિ (કૃપાના નિધિ-ખજાના), દૈવોદ્ધાર પ્રયત્નાત્મા (દૈવીજીવોના ઉદ્ધાર માટે જે ઉદ્યમ કરે છે), સ્મૃતિમાત્રાર્તિનાશન (સ્મરણ માત્રથી ત્રિવિધ તાપનો નાશ કરનાર). ૭

પરમાનન્દ : - પરમ-આનન્દ

રાગ: બિભાસ

તન મન ધન મમ યહ મેરૌ સર્વસ **પરમાનન્દ** ।।
શ્રીવલ્લભ ભજહુ નિસિ-દિન ગાન કરહુ સુછન્દ ।। ૧ ।।
નિરખિ-નિરખિ મેરે નૈનનિ સિરાઉં શ્રીહરિ વચન મુખચંદ ।।
આનન્દ મગન સદા રહૂં રવિદરસન માનહું અરવિંદ ।। ૨ ।।
સુભગ મૂરતિ જિનિ નૈનનિ નિરખે સો જન પરે પ્રેકમે ફંદ ।।
યહ મહાનિધિ મેરે હ્દૈ કમલતૈ છિન મતિ ટારૌ કહત **ગોવિન્દ** ।। ૩ ।।

શ્રીમહાપ્રભુજી પરમાનન્દ **परमानन्दः**[૨] સ્વરૂપ છે.

મૂળ ટીકા ભાવાર્થ:- પરમાનન્દ : જો કે મનમાં આનન્દનો ઘણો ભાર થવાથી પુરુષૌત્તમના આનન્દનો અને અક્ષરના આનન્દનો ભેદ ન સ્ફૂરવાથી માત્ર આનન્દ એવું જ નામ કહ્યું, છતાં પણ

પછીના નામનો વિચાર કરતાં શ્રીમહાપ્રભુજી પુરુષોત્તમના મુખ હોવાથી અગણિત આનન્દ વાળા હોવાથી સ્ફૂર્તા, અને અક્ષરમાં પણ ગણિત (હદવાળો, ગણાય તેવો) આનન્દ હોવાથી તે પણ આનન્દ હોવાથી, શ્રીમહાપ્રભુજીમાં તેવો આનન્દ નથી, એમ જણાવવા માટે પરમાનન્દ **परमानन्दः**[२] એમ કહ્યું. પરમ **परम** એટલે અગણિત, જ્યાંથી વાણી (મન સાથે) પાછી ફરે છે, એ શ્રુતિમાં જણાવેલો જે પુરુષોત્તમનો આનન્દ **आनन्द** તે આ સ્વરૂપ જેમનું, એવો અર્થ છે.

સરળ સમજુતી :- આનન્દના ત્રણ પ્રકાર છે - વિષયાનંદ, બ્રહ્માનંદ, ભજનાનંદ. આમાં શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ કયું છે ? તો કહે છે કે પરમાનન્દ - **परमानन्दः** (ભજનાનંદ) રૂપ છે.

વિષયાનંદ :- ભૌતિક ઇન્દ્રિયોના વિષયમાં રહેલો આનન્દ તેને વિષયાનંદ કહેવામાં આવે છે. કર્મોનું આ ફળ હોવાથી કર્મસાધ્ય છે. પૂર્ણકર્મોથી જીવ સ્વર્ગની પ્રાપ્તિ કરી ઇન્દ્રાસન પ્રાપ્ત કરે, ત્યારે જ પૂર્ણ વિષયાનંદથી અલગ થઇ જાય છે. મનુષ્યનો ભૌતિક આનંદ એ તો વિષયાનંદનો આભાસ માત્ર છે. વાસ્તવિક વિષયાનંદ પણ નથી, વિષયાનંદનું **ભૌતિક રૂપ** છે.

બ્રહ્માનંદ :- બ્રહ્માનંદ અર્થાત્ અક્ષરાનંદ, જે જ્ઞાનથી મેળવી શકાય છે. આનું પર્યાવસાયી ફલ બ્રહ્મમાં સાયુજ્ય મુક્તિ છે. આ બ્રહ્માનંદ જ્ઞાનદ્વારા અનુભવમાં આવે છે. પરંતુ આમાં આંતર-બાહ્ય પૂર્ણતા આવતી નથી. આ આનંદ કેવળ નિરૂપાધિ અને ચિરકાલિક હોવા છતાં ભક્તિ રહિત હોવાથી સ્પર્શાદિક અમર્યાદિત સુખ વિનાનો છે અને તેથી અપૂર્ણ છે. આ આનંદ **આધ્યાત્મિક રૂપ** છે.

ભજનાનંદ (પરમાનન્દ) :- આ ભક્તિથી પ્રાપ્ત થાય છે. માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદ્રઢ અને સર્વતોધિક સ્નેહમયી આધિદૈવિક પ્રકારવાળી આ ભક્તિ છે. અહીં જે માહાત્મ્યજ્ઞાન કહેવામાં આવ્યું છે તે **રસો વૈ સઃ**, રસમય શ્રીકૃષ્ણની પરમકાષ્ઠાપન્ન સ્વરૂપની વિશેષતાઓનું જ્ઞાન છે. સુદ્રઢ અને સર્વતોધિક સ્નેહમાં સર્વાત્મભાવવાળી સ્વાધીના અવસ્થા છે અને તેથી આ આનંદ ભજનાનંદ-પરમાનંદ સ્વાધીના ભક્તિનું સ્વરૂપ છે. જેમાં જીવ રસમય બની આ દેહથી જ નવીન તનુ ધારણ કરી રસમય શ્રીકૃષ્ણની સાથે મન, ઇન્દ્રિયોથી સ્વજનિત મનોરથોથી વિલસે છે. રસમય શ્રીકૃષ્ણ રસવિભોર ગોપીભાવ સંપન્ન જીવોમાં ઓતપ્રોત બનેલો આ આનંદ પરમાનંદરૂપ ધારણ કરે છે. આવા પરમકાષ્ઠાપન્ન ભજનાનંદની પ્રાપ્તિ જીવના સાધનબળથી સર્વથા અપ્રાપ્ય છે. કેવળ પરમ કૃપાથી જ લભ્ય બને છે, આ પરમાનંદનું શુદ્ધ સ્વરૂપ રાસલીલા છે. રાસલીલા એજ ભજનાનંદ સ્વરૂપ છે. આ ભજનાનંદ આનંદનું અંતિક ફળ પરમાનંદ સ્વરૂપ છે. આ પરમાનંદ ભક્તિમાર્ગીય સન્યાસ મોક્ષસ્વરૂપ છે.

भक्तिमार्गीयसन्यासस्तु साक्षात् पुष्टिपुष्टि श्रुतिरूपाणां रासमंडलमंडनानां, स्वयमेवोऽक्तं – *सन्त्यजय सर्वविष्यांस्तव पादमूलं प्राप्त*, इत्यादि गायत्रीभाष्ये

શ્રીમહાપ્રભુજી આ રાસલીલારૂપ ભજનાનંદથી પરિપૂર્ણ છે અને તેથી પરમાનંદ સ્વરૂપ છે. આ લીલામાં આપનો નિરોધ છે. તે આપના વચનામૃતોથી સિદ્ધ થાય છે.

अहं निरूद्धोरोधेन निरोधपदवीं गतः । (નિરોધ લક્ષણ)

निरूद्धानां तु रोधाय निरोधं वर्णयामि ते

नमामि हृदये शेषे लीला-क्षीराब्धि-शायिनम् ।।

लक्ष्मी-सहस्त्र-लीलाभिः सेव्यमानं कलानिधिम् ।। ४ ।।

પહેલા શ્લોકમાં શ્રીમહાપ્રભુજી પોતાને ભગવદ્ સ્વરૂપમાં રોધ દ્વારા નિરોધ કરવાથી પદવી પ્રાપ્ત કર્યાનું કહે છે.

બીજા શ્લોકમાં પોતાના હૃદયરૂપી શેષશય્યા ઉપર લીલારૂપી ક્ષીરસાગરમાં સહસ્રવધી લક્ષ્મીઓ સહિત લીલાથી સેવાતા કલાનિધિ સ્વરૂપને નમન કરે છે.

આ બન્ને આપશ્રીના વચનામૃતોથી આપ ભજનાનંદરૂપી પરમાનંદનું સાક્ષાત્ સ્વરૂપ હોવાનું સિદ્ધ થાય છે. શ્રુતિ પ્રતિપાદિત આનંદ સ્વરૂપનું વર્ણન પહેલાં આનંદ નામમાં આવી ગયું છે, શ્રુતિપ્રતિપાદિત આનંદમય સ્વરૂપ જ પરમાનંદ છે.

व्रज वृंदावन गिरि नदी पशुपंछी सबसंग

इनसों कहा दुराइए प्यारी ये सब मेरो अंग ।

આનંદરૂપ કૃષ્ણ જ્યારે પોતાના અંતઃસ્થિત ગૂઢસ્ત્રીભાવ-વૃંદાવન-ગોલોક-ગિરિરાજ શ્રીયમુનાજી પશુપક્ષી વગેરે અનેક આનંદરૂપ સામગ્રીને બહાર પ્રગટ કરે છે ત્યારે આ આનંદરૂપ શ્રીકૃષ્ણ જ આનંદમય-પરમાનંદ રૂપ થાય છે.

१. स एकाकी न रमते...

२. पतिश्य पत्नी च आभवताम्...

३. एकोहं बहुस्याम्...

આ સમગ્ર શ્રુતિઓનું તાત્પર્યએ છે કે પહેલાં બ્રહ્મ એક અને અદ્વિતિય છે. આ બ્રહ્મને પોતાના અંતર્ગત આનંદના અનુભવની ઇચ્છા થઇ ત્યારે બીજારૂપની ઇચ્છા કરી, પોતે પતિ-પત્નિરૂપ થયાં. ફરી બહુરૂપ થયા. પોતાના આનંદરૂપ સ્વરૂપમાં આંતરનિષ્ઠ અનેક સ્ત્રીભાવને બહાર પ્રગટ કર્યા અને સ્વયં પોતે જ વૃંદાવન આદિ ધામરૂપ બની સંપૂર્ણ ઉદ્દીપન લીલાસામગ્રીરૂપ બન્યા. આ પ્રકારનું બાહ્યપ્રગટ લીલા સામગ્રી સહિત સ્વરૂપ સંયોગાત્મક આનંદમય છે. અને તે જ સ્વરૂપ પરમાનંદ છે. બ્રહ્મનું આ આનંદમય પરમાનંદસ્વરૂપ શ્રીમહાપ્રભુજી છે, કારણકે શ્રીમહાપ્રભુજી પૂર્ણબ્રહ્મ, પરબ્રહ્મસ્વરૂપ શાસ્ત્ર (શ્રુતિ રહસ્ય) અને અનુભવથી (કૃષ્ણદાસ મેઘનની વાર્તા) પ્રમાણિત છે.

સંયોગાત્મક સ્વરૂપ :-

રસનાં સમૂહઃ રાસ, સર્વ રસોના સમૂહને રાસ કહેવામાં આવે છે, અને તેથી રાસલીલા સર્વશ્રેષ્ઠ છે. રસશાસ્ત્ર, શ્રૃંગારરસમાં સર્વ રસો સમ્મિલિત છે એવું માને છે અને શ્રૃંગારરસની વિપ્રયોગાત્મક અને સંયોગાત્મક એવા બે દલોમાં વહેંચણી કરવામાં આવી છે. પહેલાં વિપ્રયોગાત્મક દલનું **આનંદ** સંજ્ઞાથી અને બીજા સંયોગાત્મક દલનું **પરમાનંદ** સંજ્ઞાથી વર્ણન કરવામાં આવે છે.

રાસલીલામાં સંપૂર્ણ રસોનો સમાવેશ હોવાના કારણે આ લીલાને **રાસ** કહેવામાં આવે છે. અને રસોની પ્રાપ્તિ વિના આનંદ પ્રાપ્ત થતો નથી.

रसं ह्येवायं लध्वानंदी भवति

શ્રીમહાપ્રભુજી સર્વ રસમય રાસલીલાનાં આનંદમાં નિરંતર નિમગ્ન રહે છે અને તેથી પરમાનંદ સ્વરૂપ આપ છો.

પહેલાં વર્ણન કરવામાં આવેલું **આનંદ** નામ સંપૂર્ણ ઐશ્વર્યની મહાનતાવાળા અશેષ માહાત્મ્યદ્યોતક ઈશ્વર ધર્મનું નિરૂપણ કરે છે. આ વિયોગાત્મક છે. જ્યારે **પરમાનંદ** નામ શેષમાહાત્મ્યવાળું વ્રજભક્તોના દાસત્વરૂપ જીવધર્મનું નિરૂપણ કરે છે.

આવા પ્રકારનું ભજનાનંદરૂપ પરમાનંદનું સ્વરૂપ વ્રજસ્ત્રિઓનાં ઉચ્ચત્તમ દાસ્યપ્રકારવાળું છે. વ્રજસ્ત્રિયોમાં પણ શ્રીસ્વામિનીજી સર્વોપરિ છે. અને તેમનો દાસત્વનો પ્રકાર વ્રજસ્ત્રિયોના દાસત્વ પ્રકાર કરતા મહાન વિશેષ અને વિલક્ષણ છે.

यद्यपी सकल व्रजसुंदरी, तऊ न मन अरूझाय

दासकुंभन स्वामिनी सु नखशिख अंग अद्‌भूत सुठान कहां लो सँभारों।

लालगिरिधरण कहत, मोहि तहांलो सुख जहांलो यह रुप छिन छिन निहारों ।।

આ કથનની સંગતિથી પ્રતિત થાય છે કે પ્રભુની અભિરૂચિ શ્રીસ્વામિનીજી સિવાય બીજા ક્યાંય નથી અને આપ અન્ય કોઈના બંધનમાં આવે તેમ નથી. શ્રીસ્વામિનીજીનું આધિદૈવિક દાસત્વ, દેહ ઈન્દ્રિય વગેરેનું સાક્ષાત્ સમર્પણરૂપ છે. એમાં તદીયત્વ-સર્વાત્મભાવની પૂર્ણ સ્થિતિ છે. આ પ્રમાણેનું શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે. શ્રીમહાપ્રભુજી સ્વામિનીભાવ સંયુક્ત છે. શ્રીસુબોધિનીજીમાં આપે પોતાના આ ગૂઢ ભાવયુક્ત સ્વામિની સ્વરૂપનો નીચે જણાવેલ વાક્યોમાં સંકેત કર્યો છે.

कृष्णावतारः पतिः १.१.१

दासीनां सर्वरक्षार्थ आविर्भूतो मम स्वामी ।१०.३.४

ઈશ્વર ધર્મ અને જીવધર્મ બન્ને પરસ્પર વિરૂદ્ધ હોવાથી તેમાં એકતા થવી અસંભવ છે. આ રીતે સંયોગ અને વિપ્રયોગની પણ એકજ સમયે એકજ સ્થાનમાં સ્થિતિ બનવી અસંભવ છે. તો એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શ્રીમહાપ્રભુજીમાં આ બન્ને ધર્મો એક કાલાવચ્છિન્ન વિદ્યમાન છે કે નહિં?

ભગવાનનું ઐશ્વર્યતો પ્રત્યક્ષ છે જ.

नाहं तु सख्यो भजतोऽपि जंतून - मां इश्वरधर्म तथा

मया परोक्षं भजता तिरोहितं - मां दासत्वधर्मनुं

न पारयेऽहं निरवद्यसंयुजां स्वसाधुकृत्यं व्बुधापियुषापितः

(श्रीभागवत.)

રાસમાં ભગવાને ભક્તોનું આધિનત્વ સ્વીકારી નિદર્શન કરાવ્યું. આ રીતે ભગવાનમાં ઈશ્વરત્વ અને દાસત્વ બન્ને એક સાથે વિરૂદ્ધધર્માશ્રયરૂપમાં બિરાજે છે. જેવી રીતે ભગવાનમાં વિરૂદ્ધધર્માશ્રયપણું છે તેવી રીતે શ્રીમહાપ્રભુજીમાં ઈશ્વરત્વ અને દાસત્વ સિદ્ધ છે. સ્વયં શ્રીમહાપ્રભુજી પોતાના સ્વરૂપમાં બન્નેની સ્થિતિ હોવાનું જણાવેલ વચનોથી સ્પષ્ટ કરે છે.

अर्थ तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद्वाकपतेः ।

इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः ।।

ઉપરની વચનોમાં વૈશ્વાનર-વાક્પતિ વચનથી પોતાનું ભગવદત્વ અને બીજીથી દાસત્વ હોવાનું સ્પષ્ટ જણાવે છે અને તેથી શ્રીમહાપ્રભુજીમાં ભગવદ્ધર્મ સમાન વિરુદ્ધ ધર્માશ્રયપણું સિદ્ધ થાય છે.

આ રીતે ઈશ્વરત્વવાળું અશેષમાહાત્મ્ય અને દાસત્વવાળું શેષમાહાત્મ્ય આવાં બન્ને માહાત્મ્યો કેવળ પૂર્ણપુરુષોત્તમમાં જ હોઇ શકે. અંશ-કળા-વિભૂતિ વગેરે અન્ય અવતારોમાં નથી હોતું.

અશેષ (સંપૂર્ણ-સામૂહિક) માહાત્મ્ય :-

શરણમાં આવવાવાળા જીવોના દોષો ભસ્મ કરી જીવને નિર્દોષ કરી શુદ્ધ નિર્દોષ પરબ્રહ્મ સાથે જીવનો સંબંધ કરાવે છે, જેથી જીવનો ઉદ્ધાર સહજમાં થઇ જાય છે. જીવોના દોષો ભસ્મ કરવાના સામર્થ્યને જણાવવા પોતે **વૈશ્વાનર** શબ્દથી પોતાને સંબોધે છે. જીવ જ્યારે ગુરુના શરણમાં આવે છે ત્યારે જીવના તમામ દોષો ગુરુ પ્રતિગ્રહણ કરે છે. એવું શાસ્ત્રોમાં વિદિત છે. ગુરુ સમર્થ ન હોય તો જીવના દોષો ગુરુને બાધા કરે છે. શ્રીમહાપ્રભુજી પોતાના વૈશ્વાનર સ્વરૂપથી જીવોને શરણે લઇ તેના દોષો ભસ્મ કરે છે. શરણે આવેલ જીવ શુદ્ધ બની ભગવત્સેવાનો અધિકારી બને છે, આ આપનું અશેષમાહાત્મ્ય.

શેષ (અપૂર્ણ ગણિત) માહાત્મ્ય :-

વ્રજભક્તો સદ્રશ દાસત્વ શ્રીમહાપ્રભુજી છે. દાસત્વનો ઉત્કર્ષ સેવાથી સિદ્ધ થાય છે. સર્વોત્કૃષ્ટ વ્રજભક્તોના આધિદૈવિક સ્નેહરૂપ દાસત્વપૂર્ણ સેવા કરવાથી ભગવાન શ્રીકૃષ્ણ ભક્તોને આધિક બને છે.

આવા પ્રકારનું સ્નેહપૂર્ણ દાસત્વ સર્વ શ્રેષ્ઠ શ્રીસ્વામિનીજીમાં સ્પષ્ટ છે અને તેનું સ્વામિનીપ્રકારવાળું દાસત્વ શ્રીમહાપ્રભુજી છે. અને તેથી આપ શ્રીસ્વામિનીભાવ વિશિષ્ટ પરમાનંદસ્વરૂપ છે.

भावतनौ भावात्मास्थिता स्वभावेन भाविता सततम् ।

श्रीवल्लभाभिधाने तद्रुपा वा सदाजयति ।।

સ્વભાવથી સદાય ભાવિત, ભાવ તેનું પ્રભુમાં જ ભાવાત્મારૂપે બિરાજે છે અને જે સ્વરૂપ શ્રીવલ્લભમાં વિદ્યમાન છે એ (શ્રીરાધિકાજી) સદા જયને પ્રાપ્ત થાય છે. (શ્રીહરિરાયજી)

स्वामिनी भाव संयुक्त भगवद्भाव भावितः ।

अत्यलौकिकः मूर्तिः श्रीवल्लभः शरणं मम ।।

ભગવદ્રૂપ અને શ્રીસ્વામિનીરૂપ બન્નેનો એકી સાથે શ્રીગુસાંઈજીને શ્રીમહાપ્રભુજીના પરમાનંદ સ્વરૂપમાં અનુભવ થવાથી આપના હૃદયમાં પરમ આનંદલીલા વિશિષ્ટ યુગલ ભાવસ્વરૂપનાં દર્શન થયાં જેનું વર્ણન આપે સપ્તશ્લોકીમાં

स्फूरत्कृष्णप्रेमामृतरसभरेणातिभरिता

विहारान्कुर्वाणा व्रजपतिविहाराब्धिषु सदा ।।

प्रिया गोपी भर्तुः स्फुरतु सततं वल्लभ इति

प्रथावत्यस्माकंहृदि सुभगमूर्तिः सकरूणा ।।

અને વલ્લભાષ્ટકમાં

श्रीमद्‌वृन्दावनेंदुप्रकटितरसिकानंदसंदोहरूप

स्फर्जद्रासादिलीलामृतजलधिभराक्रांतसर्वोऽपि शश्वत् ।।

થી વર્ણન કર્યું છે.

ભાવાત્મક આધિદૈવિક સાક્ષાત્ સ્વરૂપોવાળો સેવા પ્રકાર સ્ત્રીભાવથી જ રસની અનુભૂતિ કરાવે છે.

સૂરદાસજી કહે છે :

भज सखि भाव भाविक देव

पुरुष तें तिय भाव उपज्यो सबै उलटी रीत।

શ્રીમહાપ્રભુજીએ ભૂતલ ઉપર સેવા ક્રમ પણ

सेवा रीत प्रीत व्रजजनकी जन हित जग प्रगटाइ।

શ્રીવિઠ્ઠલેશ ચરણે ભાવસંયુક્ત સેવા કરી અનુભવ કર્યો, ફલ સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનો ભજનાનંદ રૂપ પરમાનંદમાં અનુભવ કરી આ નામ પરમાનંદ કહ્યું.

દશમ સ્કંધ શ્રીમદ્ ભાગવત શ્રીસુબોધિની કારિકામાં नमामि हृदये शेषे...ના વર્ણનમાં :- હૃદયરૂપી શેષ પર સ્થિતિ કરવાવાળા લીલારૂપી ક્ષીર સાગરમાં સહસ્રવધિ લક્ષ્મીઓની લીલાથી સેવાતા કલાનિધિને નમન કરવાનું કહે છે.

આવા પ્રકારના લીલા વિશિષ્ટ પરમાનંદ સ્વરૂપની આપનામાં સદા સ્થિતિ છે. અને તે જ હૃદ્સ્થિત લીલા વિશિષ્ટ સ્વરૂપને પોતે પુષ્ટિમાર્ગીય સેવારૂપમાં બહાર પ્રગટ કરે છે, અને તેથી આપ પરમાનંદ - **परमानन्दः** સ્વરૂપ છે.

શ્રીમહાપ્રભુજી પરમાનન્દ परमानन्दः સ્વરૂપ છે.

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથજીકે ચોબિસ વચનામૃત

૭ દોષ ન જોવા-ગુણ પ્રકાશ કરવાથી ભક્તિનું દાન થાય.

અબ ઓરહું શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કરત હે - વૈષ્ણવન કો સપ્તમો લક્ષણ કહેત હે, જો વૈષ્ણવ હોયકે કાહુકો અપરાધ ન દેખે, ઓર કોનસો સુને નહિં, જદ્યપિ કાનન સોં સુને ઓર આંખિનસો દેખે પરંતુ મનમેં રંચ હુ ન લાવે. યહ જાને જો મેં આ માયાવાદરૂપી અવિદ્યામેં પર્યો હુ સો મોકો દોષ દીસત હે. ઈનમેં રંચક હું દોષ નાહીં હે. (માયાવાદ દષ્ટિસો) ઉત્તમોત્તમ સુને નાહીં. મધ્યમ દેખિકે કહે, દુષ્ટ જુઠે-સાચે લગાયકે ઈર્ષ્યા કરે.

કોઈ ખોટી વાત કરે, અપરાધ કરે સો તાકું ભૂલી જાનો. વાકો પ્રસન્ન કરિ સંકોચ છુડાવનો. ભલો કાર્ય હોય સો ગુણકો પ્રકાસ કરે. યા પ્રકાર ચલે તબ પ્રભુ કૃપા કરિકે અપની ભક્તિકો દાન કરે. યા પ્રકાર શ્રીગોકુલનાથજી કલ્યાણ ભટ્ટ પ્રતિ આજ્ઞા કીયો. ઈતિ સાતમો પ્રસંગ. ૭

..ક્રમશઃ

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

સ્વરૂપનિષ્ઠા

શ્રીગોકુલેશપ્રભુચરણના અંતરંગ ભગવદીયો

ગિરધરભાઇ

ગિરધરભાઇ ભરૂચના વતની અને દાદા નારાયણજીના પુત્ર વેણીદાસના પુત્ર હતા. સ્વભાવે સાત્વિક વૃત્તિના, શીલવાન અને બાલ્યવયથી જ અન્યસંબંધથી દૂર રહેતા હતા. શ્રીગોકુલેશ પ્રભુચરણના જ સાનિધ્યમાં તથા શ્રીગોકુલેશજીની સેવામાં જ સમગ્ર જીવન વ્યતીત કર્યું હતું. શ્રીગોકુલેશ પ્રભુ સિવાય અન્ય કંઇ પણ જાણતા જ નહોતા. આલોક અને પરલોકનું સર્વસ્વ તેમનું એક માત્ર શ્રીચતુર્થકુમાર શ્રીસર્વદા સેવ્ય શ્રીગોકુલેશ પ્રભુ હતા.

શ્રીગોકુલેશ પ્રભુ જ્યારે ભોજન અર્થે પધારતા ત્યારે પોતાના હાથે જ પેંડો સિદ્ધ કરતા. શ્રીગોકુલેશજીના શ્રીચરણારવિંદમાં કંકર લાગે નહિં તથા આપશ્રીને સહેજ પણ શ્રમ ન પડે એવા

ભાવથી પેંડો સદા સ્વચ્છ રાખતા. શ્રીગોકુલેશજીના પધારવાના માર્ગે તેમણે પત્થર જડાવ્યા હતા, જેથી શ્રીપ્રભુ સુખપૂર્વક પધારે અને શ્રીઅંગને સહેજ પણ શ્રમ ન થાય. આ પ્રકારે શ્રીગોકુલેશજીની સેવામાં સદા તત્પર રહેતા અને અહર્નિશ શ્રીગોકુલેશજીનું શ્રીમુખનો જ વિચાર કરતા. વિશેષમાં શ્રીગોકુલેશજીના શ્રીઅંગની સુગંધી વગેરે પણ સિદ્ધ કરતા હતા. આ પ્રકારે તનુવિત્તજાસેવામાં જ સદા પરાયણ રહેતા હતા.

એક વાર ગિરધરભાઈએ શ્રીગોકુલેશ પ્રભુને એકાંતમાં વિનંતિ કરી કે :**રાજના સ્વરૂપ સાથે જ હું અહર્નિશ રહું અને મને અંતરાય પડે નહિં.** તેમના હૃદયનો આવો શુદ્ધ અને ઉત્કટ ભાવ જોઈ શ્રીગોકુલેશજીએ આ વિનંતિ સ્વીકારી લીધી અને સમાધાન કર્યું કે :*કાહુ ભ્રાંતિ ચિંતા મતિ કરે, તોકું અંતરાય નાહીં.*

જ્યારે શ્રીગોકુલેશ પ્રભુ અસુરવ્યામોહલીલા કરી ત્યારે ગિરધરભાઈએ પ્રભુ-વિરહમાં ભૌતિક દેહ ત્યાગ કરી શ્રીગોકુલેશ પ્રભુના શ્રીચરણારવિંદમાં પહોચ્યા અને શ્રીમુખના દર્શન કર્યા હતા.

આવા સ્વરૂપનિષ્ઠ અને ભાગ્યવાન ભગવદીયના ભાવનું શું કહેવું ?

દેવકી બેટી

આ દેવકીબેટી ભરૂચના વતની અને દાદા નારાયણજીના પુત્ર વેણીદાસની પુત્રી હતા. બાલ્યાવસ્થામાં જ પ્રાણપ્રિય શ્રીગોકુલેશ પ્રભુચરણના શ્રીકર-કમલના સ્પર્શ થયો હતો અને ત્યારથી જ તેઓ શ્રીગોકુલેશ પ્રભુમાં અનન્યભાવે સ્વરૂપાસક્ત થયા હતા. પોતાના દેહ, પ્રાણ, ઈન્દ્રિય વગેરેના સંપૂર્ણ વિનિયોગ દાદા નારાયણજીના કુળની રીત પ્રમાણે શ્રીગોકુલેશજીના સેવામાં જ કર્યો હતો અને શ્રીગોકુલેશજીના સુખમાં જ અહર્નિશ રસભર્યા ભાવે મગ્ન રહેતાં હતાં. શ્રીગોકુલેશજી સ્વયં તો દ્વિજ-તનુધારી છે, છતાં શ્રીઠાકોર-ભાવ રાખતાં.

આવા દેવકીબેટી શ્રીગોકુલેશજીના વિયોગનું દુ:ખ કેમ કરીને સહન કરી શકે ? શ્રીગોકુલેશ પ્રભુ લીલામાં પધાર્યાના સમાચાર સાંભળતાં જ વિરહાગ્નિ એટલો બધો પ્રબળ થયો કે શીઘ્ર ભૌતિક દેહનો ત્યાગ કરી વ્હાલાજીના શ્રીમુખના દર્શન કર્યા. આવા ઉગ્રભાવી ભગવદીયનો ભાવ અનિર્વચનીય છે.

...ક્રમશ:

સંયોજન:- સ્વરૂપનિષ્ઠા પુસ્તક, પ્રકાશક ભાઈલાલભાઈ શેઠ.

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીધોલ પદ

અમને વહાલા રે શ્રીવલ્લભજી

અમને વહાલા રે શ્રીવલ્લભજી, કહોજી કેમ રહેવાય ।।અમને ।।
મંગલ આરતી સમે, ઉઠયા મંગલરૂપ. ।।અમને ।। (૧)
અમને દર્શન દે મ્હારો વાલમો, ઉઠી ઉઠી વારંવાર ।।અમને ।।
એકાંતે રે પધારતા, કરતા દંતધાવન. ।।અમને ।। (૨)
ભીંતે અટકી ઊભા રહ્યા, દર્શન દે માહારો નાથ ।।અમને ।।
બેઠકમાં રે બીરાજતાં, કરતાં હાસ્ય પ્રકાશ ।।અમને ।। (૩)
જમુનાજી રે પધારતા, સાથે અનેક સમાજ ।।અમને ।।
પાલખીએ બેસી પધારતા, લીલા કરતા ફૂલબાગ ।।અમને ।। (૪)
શ્રીગોકુલેશપુર વ્હાલું ઘણું, જ્યાં છે વ્રજ ભક્તોનો વાસ ।।અમને ।।
વલ્લભઘાટે ઊભા રહ્યા, શ્રીજમુનાજી અનુકુલ ।।અમને ।। (૫)
ગોપાલદાસ કરે વિનંતી, રાખો શ્રીચરણોની પાસ ।।અમને ।।
દાસી વળી વળી વિનવે, આપો શ્રીગોકુલમાં વાસ ।।અમને ।। (૬)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

વિચાર કરવો જોઇએ !

સેવાસ્વરૂપ

ગયાં વખતે આપણે જોયું કે સેવાનું સ્વરૂપ કેવું હોવું જોઇએ. શ્રીમહાપ્રભુજીના સ્વયંના વચનો છે કે ચિત્તને શ્રીકૃષ્ણમાં પ્રવણ થવું, અને તે પણ પ્રવણતા કોઇ અન્યના સહારે નહિં, પણ પોતાનાજ તન અને પોતાનાજ ધન દ્વારા. હવે આપણે આગળ વધીએ.

જે કાંઇ લોકમાં ઈષ્ટતમ છે...તેને શ્રીકૃષ્ણની સેવામાં લગાડવું જોઈએ. જુઓ, કેટલા સુંદર વચનો છે. શ્રીમહાપ્રભુજી કૃષ્ણદાસ મેઘનને આજ્ઞા કરે છે કે શ્રીપ્રભુ તો ઉત્તમ વસ્તુના ભોક્તા છે. અને એજ આજ્ઞા આપશ્રી નિબંધના પ્રકાશમાં કરે છે. કે જે લોકમાં ઉત્તમ-ઈષ્ટતમ છે, તે પ્રભુની સેવામાં લગાડવું જોઈએ. ભગવત્સેવામાં પણ ક્લેશ પ્રદ સામગ્રીનું સમર્પણ ન કરવું જોઈએ. સેવામાં સમર્પિત થનાર

સામગ્રી પણ સન્માર્ગથી ઉપાર્જિત કરેલી હોવી જોઇએ, એવી કે જેમાં બીજા કોઇકનો હિસ્સો ન હોય...અન્ય પ્રકારે ઉપાર્જિત સામગ્રીના વિનિયોગનો નિષેધ કરવા આ વાત કહેવામાં આવી છે.

અહિં એક શંકા-પ્રશ્ન થાય છે કે ભગવત્સેવામાં જે કાંઇ વસ્તુ કે સામગ્રી ભગવાનને સમર્પિત કરવાની હોય તે ઉત્તમ તો હોવી જ જોઇએ તેના માટે; તેમજ લોકોને ખુશ કરવા માટે અથવા તો પ્રતિબન્ધો દૂર કરવા માટે પણ ક્યારેક વધૂ પ્રમાણમાં પણ સમર્પિત કરવા માટે, કાંઇક લૌકિક ચતુરાઇ તો વાપરવી જ પડતી હોય છે. આમ બહિર્મુખ થવાની શક્યતા તો કાયમ રહે જ છે. આ આશંક્તિ બહિર્મુખતાની નિવૃત્તિનો ઉપાય સમજાવવા શ્રીમહાપ્રભુજીએ **ભગવત્** પદનો પ્રયોગ કર્યો છે. આમ ક્લેશરહિત વસ્તુ પણ જ્યારે સન્માર્ગથી મેળવેલી હોય તો કદાચ બહિર્મુખતા નહિં ઉદ્ભવે એવો આશય છે. આ જ વાતને સમજાવવા શ્રીમહાપ્રભુજીએ **અન્ય...** પદનો પ્રયોગ કર્યો છે. (તત્વાર્થદીપ નિબંધ પ્રકાશ આવરણભંગ ૨.૨૩૬)

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

।। શ્રીગોકુલેશો જયતિ ।।
ગોકુલસ્ય તુ યો ગોપ્તા પુષ્ટિસુપથરક્ષિતા ।
જનિતા તુર્યવંશસ્ય ગોકુલેશં નમામિ તમ્ ।।
શ્રીગોકુલપતેર્ નિત્યં શુભદમાસ્પદં મહત્ ।
શ્રીવાલ્લભમતે નિષ્ઠં તુર્યપીઠં વયં નુમઃ ।।
શ્રીચતુર્થપીઠાધીશ્વર પૂજ્યચરણ ગુરુદેવ
ગોસ્વામી શ્રીદેવકીનંદનાચાર્યશ્રીના આશિર્વાદથી

શ્રીમદ્ ગોકુલ આવતા શ્રીચતુર્થગૃહના સેવકોને સન્મુખ-શ્રીચરણસ્પર્શ સંબંધી આવશ્યક માર્ગદર્શન

...ગતાંકથી આગળ

નોંધઃ - આપણા અલૌકિક શ્રીવાલ્લભ સિદ્ધાંત નિષ્ઠ શ્રીચતુર્થગૃહમાં બીરાજતા સર્વદા સેવ્ય દાદાજી શ્રીગોકુલેશ પ્રભુચરણ પ્રગટ બીરાજતાં શ્રીબેઠકજીએ સેવક-વૈષ્ણવોને શ્રીચરણસ્પર્શ માટે અનિવાર્ય નિયમો, તે જાણવા જરૂરી છે. જેથી આપણે જ્યારે પણ શ્રીમદ્ ગોકુલ જઇએ ત્યારે કોઇ તકલિફ ન પડે, તેથી આ આવશ્યક માર્ગદર્શન જાણી લેવું જરૂરી છે.

વૈષ્ણવ ભાઇઓએ ધોતી, વૈષ્ણવી બંડી અથવા ઉપરણો તથા વૈષ્ણવ બહેનોએ સાડી, ચોલી, અને કાંસાવાળો ચણિયો પહેરવાં. આધુનિક પ્રકારના વસ્ત્ર અપરસમાં ચાલતા નથી.

વૈષ્ણવ ભાઇઓએ શરીરનો ઉપરનો ભાગ ખુલ્લો રાખવો નહીં પરંતુ વૈષ્ણવી બંડી અથવા ઉપરણાથી ઢાંકેલો જ રાખવો.

હાથમાં વીંટી અથવા અન્ય ભૌતિક આભૂષણો સ્નાન કરતાં પહેલાં જ કાઢી નાંખવા.

શ્રીચરણસ્પર્શ કરતી વેળા બહેનોએ સાડીથી માથું ઢાંકવું.

હાથ ખાસા કરીને ચરણામૃત લેવું. વૈષ્ણવ ભાઇઓએ પ્રસાદી કંકુથી દંડાકાર તિલક કરવું, અને વૈષ્ણવ બહેનોએ પ્રસાદી કંકુનો ચાંલ્લો કરવો, પરંતુ આધુનિક પ્રકારે મળતો શ્રુંગાર કે પ્લાષ્ટિકનો તૈયાર ચાંલ્લો રાખવા નહીં.

શ્રીગોકુલમાં આવી પ્રથમવાર અપરસ કરનાર વૈષ્ણવ ભાઇ-બહેનોએ કંઠી અવશ્ય બદલવી. શ્રીબેઠકજીના મુખીયાજી પાસેથી નવી કંઠી મેળવવા વિનંતી કરવી. પ્રથમ નવી કંઠી ગળામાં પહેર્યા પછી જ જૂની કંઠી ગળામાંથી ઉતારવી. ઉતારેલી કંઠી ગમે ત્યાં ફેંકવી નહીં, ફરીથી ઉપયોગમાં પણ લેવી નહીં તેમજ ઘરે પણ લઇ જવી નહીં, પરંતુ ત્યાંજ ડબ્બામાં પધરાવવી.

શ્રીચરણસ્પર્શ અને દર્શનની વાર હોય તો, કોઇનો સ્પર્શ ન થઇ જાય એ રીતે શાંતિથી એક સ્થાને બેસી ભગવદ્ નામ/સ્તોત્ર પાઠ વગેરે કરવાં, પરંતુ લૌકિક વાતો કરવી નહીં.

શ્રીબેઠકજી સન્મુખ ઊંચા સ્થાને, પીઠ દઇને, પગ લાંબા કરીને, પગ ઉપર પગ ચઢાવીને, અથવા અદબ વાળીને કદી બેસવું નહીં પરંતુ પગના પંજા ખૂલ્લા નહીં એ રીતે પલાંઠી વાળીને દીનતાપૂર્વક બેસવું.

શ્રીબેઠકજી સન્મુખ વિદ્વાન, મોટા અધિકારી, દ્રવ્યપાત્ર કે અહંકાર ભાવથી પણ જવું નહીં.

શ્રીબેઠકજીમાં શ્રીચરણસ્પર્શ કરતાં પહેલાં બન્ને હાથ ખાસા કરવા. ખાસા કરેલા હાથ ભેવા કરવા નહીં તેમજ શરીરના અન્ય કોઈ ભાગને પણ સ્પર્શ કરાવવા નહીં. પરંતુ ખાસા કરેલ બન્ને હાથ મૂઠી વાળીને જુદા રાખવા.

વૈષ્ણવનો સમૂહ વિશેષ હોય તો શાંતિથી ક્રમાનુસાર ઊભા રહેવું અને ક્રમવાર શ્રીચરનસ્પર્શ કરવા જવું પરંતુ ધક્કામુક્કી અથવા કોલાહલ કરવો નહીં.

...ક્રમશ:

સંકલન:- રાજેન્દ્રભાઇ કડકીયા (યુ.એસ.એ.)

જૈ જૈ શ્રીગોકુલેશ

આજ અચાનક આનંદરૂપી

આજ અચાનક આનંદરૂપી ઉદય થયો છે ભાણજો.
મારે મંદિરે પધાર્યા શ્રીગોકુલનાથજી.
બેની તારા ભાગ્ય તણો નહિ પારજો, સુંદરવર પામ્યા શ્રીગોકુલનાથજી જો.
ટાળ્યાં વહાલે જનમ જનમનાં દુ:ખ જો નામ સમર્પણ આપીને પાવન કર્યા જો.
ખડ સુકાંને સિંચન કરવા આશ જો, અધરામૃત આપીને સહુ સિંચન કર્યા જો.
અંગ તપે છે સ્પર્શ કરવા આશ જો, ચરણામૃત આપીને સહુ પાવન કર્યા જો.
ઘણા દિવસના વાહાલાના વિયોગ જો, સખી આજ થયો છે નયણાંનો મેલાવડો જો.
શ્રીગોકુલ ઈંદુ પ્રગટ્યા પુરણ બ્રહમ જો સુખ સાગરમાં મહા રસની વરષા કરી જો.
નવ પલ્લવ થઈ વાહાલાજીની સૃષ્ટિ જો, બેઉં કરણે અમૃત રસ સિંચન કર્યા જો.
તમસું વહાલા પુરવ જનમની પ્રીત જો, મુને આણું કરવા બની ઠણીને આવીઆ જો.
પહેરો સહિયરો શોભિતા શણગાર જો, નયન સેન દઈ વહાલાને રીઝાવીએ જો.
કલ્લા કાંબી ઝાંઝરનો ઝમકાર જો, રૂમઝુમ રૂમઝુમ પાયે નેપુર ઠમકતાં જો.
ઘુઘરડીનો નાદ અનુપમ સાર જો, દર્શન કરવા ચાલો, સહિયરો ઠમકતાં જો.
આ અવસર છે પ્રભુ ભજવાનો સાર જો, લાજ ત્યજીને લ્યો વહાલાનાં ભામણાં જો.
લાજે વણશે સહિયર મારાં કાજ જો, જન્મ કૃતારથ કીધા વહાલે આપણાં જો.
એ રસ ને જે અનુભવશે નરનાર જો, અચલ સોહાગી નિજદાસી સંગે થશે જો.
નિજદાસીના પૂર્યા વહાલે કોડ જો, આનંદ ભર હીંડે છે મોડા મોડ જો.

કવિત્ત

ફલકી અપેક્ષા તૂ કરત પ્રાણવલ્લભકી,
સો તો આપ કહ્યો સન્મુખ ભયે દીજીએ;
પૈ વા સન્મુખતાકો સ્વરૂપ જાન્યો જાત નાહિ,
કૌન ભાંતિ કૈસે પ્રાણ સન્મુખ કીજીએ;
સ્વરૂપ દર્શનલૌ અયોગ્ય અંતરાય સબ,
ગુનગાન આન લીલામેં કહા લીજીએ;
ઈન્દ્રિય સકલકો વિલાસ એ સ્વરૂપમાંજ,
આરતસોં સન્મુખ ભયે દાન લીજીએ. ૭

સંકલન :- દાસ ગોપાલ, જૈ જૈ શ્રીગોકુલેશ પરિવાર, વડોદરા

શ્રીગોકુલનાથકી જય

વર્ષ ૨ અંક ૯ માગસર વદ ૧૧, ૨૦૬૫

શ્રીગોકુલેશ પાઠશાળા

શ્રીસફલા એકાદશી વ્રત

તાત તણો પ્રતિબિંબ રે રસના - ૯

શ્રીકન્હૈયા પ્રભુ કે વચનામૃત

એક સમય આપ ગુજરાત પ્રદેશમે અપને મંદિરમેં બિરાજત હતે, તબ વા ગામકે વૈષ્ણવોને વિનંતી કીની કે રાજ, શ્રીગોકુલેશજીકે શ્રીપાદુકાજી, આદે સેવા, કોઇ વૈષ્ણવકે માથે બિરાજત હોય, વે વહાં સખડી ભોગ ધરત હે, સો આચાર્યરૂપસું સખડી કેશે આરોગે ? વે હમેરે મનકો સંદેહ દૂર કરનો ચહીએ ! તબ આપને આજ્ઞા કીની જે, શ્રીપાદુકાજીકી સેવા શ્રીચરણવસ્ત્ર સેવા, શ્રીહસ્ત કોનામાંકીત હસ્તાક્ષરી પત્રકી સેવા તથા ચિત્ર સેવા પ્રગટ સ્વરૂપ સમાન સ્વષ્પાત્મક હે, વે સેવા ભક્તકે સેથે પાછે હમેરે ઘર બિરાજે, તબ ગુસાંઇ બાલક સખડી ધર શકે હે, મુખીયા ભીતરિયા અનસખડી ધરે, ને સેવક ટહેલવા વૈષ્ણવ દૂધઘર ધર શકત હે. હમરે ઘરમેં સાક્ષાત્ પ્રગટ સ્વરૂપ શ્રીઆચાર્ય રૂપસું બિરાજત હે, ઓર વે સ્વરૂપ વૈષ્ણવ કે માથે બિરાજત હે તબ વાકી અનન્યતા કે પ્રકારસું વાકે ભાવાનુસાર સખડી પર્યંત સબ ધરત હે, સો સબ અંગીકાર હોત હે. ૧૪૩